# અંતરિક્ષમાં ભારતનો વિશ્વ વિક્રમ



## શ્રીહરિકોટા સ્થિત અંતરિક્ષ કેન્દ્રથી એક સાથે રેકોર્ડ ૧૦૪ સેટેલાઈટ લોન્ચ : કાઉન્ટડાઉનની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ પીએસએલવી-સી૩૭ મારફતે બધા સેટેલાઈટ લોન્ચ : ૬૦૦ સેકન્ડમાં પરિભ્રમણ કક્ષામાં ગોઠવાયા

ચેન્નાઈ, તા.૧૫

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઇસરોએ આજે તેની યશલકગીમાં એક નવુ મોરપીછુ ઉમેરી લીધુ હતુ. કારણ કે ઇસરોએ નવો ઇતિહાસ સર્જીને એક જ મિશનમાં ૧૦૪ સેટેલાઇટ લોંચ કરી દીધા હતા. આની સાથે જ ભારતે અંતરિક્ષના ક્ષેત્રમાં તેનો ડંકો વગાડી દીધો છે. સવારમાં નિર્ધારિત સમયમાં જ તમામ સેટેલાઇટને લઇને પીએસએલવી-સી ૩૭ રવાના થતા ઉપસ્થિત વૈજ્ઞાનિક સમુદાયમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતેના સ્પેશ સેન્ટરથી તમામ સેટેલાઇટને લોંચ કરી દેવામાં આવ્યા હતા. ચેન્નાઈથી આશરે ૧૨ કિલોમીટરના અંતરે સ્થિત શ્રીહરિકોટા ખાતેથી પીએસએલવી મારફતે તમામ ઉપગ્રહોને લોન્ચ કરવામાં આવ્યા હતા. લોન્ચ બાદ પીએસએલવી સી-૩૭ એ ભારતના કાર્ટોસેટ-૨ સિરિઝમાં ઉપગ્રહોને તથા ૧૦૩ નેનો ઉપગ્રહોને સફળતાપૂર્વક તેમની પરિભ્રમણ કક્ષામાં સ્થાપિત કરી દીધા હતા. પ્રાપ્ત માહિતી મુજબ ૬૦૦ સેકન્ડથી પણ ઓછા સમયમાં તમામ ૧૦૧ સેટેલાઇટને એકપછી એક તેમની નિર્ધારિત અંતરિક્ષ પરિભ્રમણ કક્ષામાં ગોઠવી દેવામાં આવ્યા હતા. કાઉન્ટ ડાઉનની પ્રક્રિયા આજે સવારે પૂર્ણ થઇ હતી. સેટેલાઇટ લોંચ વ્હીકલ(પીએસએલવી)-સી ૩૭

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૩૫ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૭, ગુરૂવાર ; મહા વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉત્તરપ્રદેશ-ઉત્તરાખંડમાં બમ્પર વોટિંગ

## ઉત્તરપ્રદેશમાં ૬૫ ટકાથી વધુ, ઉત્તરાખંડમાં ૬૮ ટકાથી વધુ મતદાન : બંને રાજ્યોમાં ઉમેદવારોના ભાવિ સીલ : પાંચ વાગ્યા બાદ પણ મતદાન મથકો પર લાઈન રહેતા મતદાનની ટકાવારી વધવાની શક્યતા

લખનૌ,તા. ૧૫

ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કામાં ૧૧ જિલ્લાઓને આવરી લેતી ૬૭ વિધાનસભા બેઠક પર ૬૫.૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કામાં ઉંચુ મતદાન નોંધાતા રાજકીય પક્ષોની ઉત્તેજના વધી ગઈ છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશના પડોશી રાજ્ય ઉત્તરાખંડમાં પણ રેકોર્ડ મતદાન નોંધાયું છે. અહીં ૬૯ બેઠકો પર રેકોર્ડ ૬૮ ટકા મતદાન નોંધાયું છે જે છેલ્લી વિધાનસભાની ચૂંટણી કરતા વધારે છે. ઉત્તરાખંડમાં રેકોર્ડ મતદાન નોંધાયા હોવાના આંકડા ચૂંટણી અધિકારીએ આપ્યા હતા. આંકડો ૭૦ ટકાથી ઉપર પહોંચવાનો દાવો પણ કરવામાં આવ્યો હતો કારણ કે પાંચ વાગ્યા સુધી પણ અનેક મતદાન મથકો પર મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. આવી જ રીતે ઉત્તરપ્રદેશમાં પણ પાંચ વાગ્યા સુધી ૬૫ ટકાથી વધુ મતદાન થયું હતું અને અહીં પણ મતદારોની લાંબી લાઈનો હતી. જેથી આંકડો બંને જગ્યાઓએ વધી જાય તેવી શક્યતા છે. એકબાજુ ઉત્તરાખંડમાં મતદાનની ટકાવારી ૭૦ ટકા સુધી પહોંચી શકે છે. જ્યારે યુપીમાં પણ ૬૬થી ૭૦ ટકા વચ્ચે મતદાનનો આંકડો પહોંચી શકે છે. ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કામાં ૬૭ બેઠકો માટે મતદાન સાંજે પાંચ વાગ્યા સુધી ચાલ્યું હતું. આજે મતદાન શરૂ થવાની સાથે જ ૭૨૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કામાં ૭૨૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે ૨.૨૮ કરોડ મતદારો પૈકી મોટા ભાગના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૧.૦૪ કરોડ મહિલા મતદારો પણ મતદાન કરવા ઘરથી બહાર નિકળી હતી. બીજા તબક્કા માટે ૧૪૭૭૧ પોલિંગ સેન્ટર ઉભા કરવામાં આવ્યા હતા. જ્યારે પોલિંગ સ્ટેશનોની સંખ્યા ૨૩૬૯૩ આંકવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણ રીતે મતદાનને પાર પાડ્યા બાદ બીજા તબક્કામાં પણ ચૂંટણી પંચે તમામ તૈયારી કરી હતી. આજે બીજા તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ ત્રીજા તબક્કામાં ૬૯ સીટ માટે ૧૯મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ઉત્તરપ્રદેશમાં પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે.

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### ચૂંટણીના પરિણામો ઉથલપાથલ સર્જશે : બાબા રામદેવ



ઉત્તરપ્રદેશ સહિતના વિવિધ પાંચ રાજ્યોમાં યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણીઓ રોચક બનતી જાય છે ત્યારે જાણીતા યોગગુરૂ બાબા રામદેવે હરિદ્વારમાં જણાવ્યુ છે કે ચૂંટણીના પરિણામો રાજકીય ઉથલ-પાથલ સર્જશે.

### શિવપાલને જીતાડવા પક્ષે મહેનત કરવી પડશે : આઝમખાન



છેલ્લા કેટલાય દિવસોથી ચર્ચામાં રહેલા શિવપાલ યાદવ અંગે સપા નેતા આઝમખાને જણાવ્યુ છે કે શિવપાલ યાદવ માટે વિધાનસભાની ચૂંટણીનો રાહ આસાન નથી. તેમને જીતાડવા પક્ષે મહેનત કરવી પડશે.

### મુલાયમ પરિવારની બે વહુઓ સાથ-સાથ



મુલાયમ પરિવારની બંને વહુઓએ આજે લખનૌ કેન્ટમાં સાથે પ્રચાર કર્યો હતો. અખિલેશના પત્નિ ડિમ્પલ યાદવે દેરાણી અપર્ણા માટે વોટ માટેની માંગણી કરી હતી.

### ટ્રમ્પના સુરક્ષા સલાહકારનું રાજીનામુ

નવનિર્વાચિત અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના સુરક્ષા સલાહકાર માઈકલ ફિલને રાજીનામુ ધરી દેતા ખળભળાટ મચી ગયો છે. સુરક્ષા સલાહકારના રશિયા સાથેના સંબંધોને પગલે તેઓને રાજીનામુ આપવા ફરજ પાડવામાં આવી હોવાના અહેવાલ છે.

### શાહબુદ્દીનને તિહારમાં ખસેડવા આદેશ

સુપ્રિમ કોર્ટે બિહાર સરકારને



સ્પષ્ટ આદેશ આપતા આજે કહ્યું હતું કે ક્રિમિનલમાંથી રાજકારણી બનેલા મોહંમદ શાહબુદ્દીનને તિહાર જેલમાં ખસેડવામાં આવે તે જરૂરી છે. બિહારની સિવાન જેલમાંથી શાહબુદ્દીનને હવે તિહાર જેલમાં ખસેડવા માટે કહેવામાં આવ્યું છે. શાહબુદ્દીનને કોઈ ખાસ પ્રકારની સુવિધા ન મળે તે પ્રકારની ખાતરી કરવા પણ કહેવામાં આવ્યું છે.

# અંતે શશીકલા બેંગલોર સેન્ટ્રલ જેલમાં

## સુપ્રિમ કોર્ટે રાહત આપવાનો ઈનકાર કરતા શશીકલાની શરણાગતિ : શશીકલાને અપ્રમાણ સંપત્તિ પ્રકરણમાં બાકી રહી ગયેલી સાડા ત્રણ વર્ષની જેલની સજા ભોગવવી પડશે



સુપ્રિમ કોર્ટ દ્વારા ચાર વર્ષની જેલની સજા ફટકારી દીધા બાદ અને શરણાગતિ સ્વીકારી લેવા માટે વધુ મહેતલ આપવાનો ઈનકાર કરવામાં આવ્યા બાદ આખરે શશીકલા નટરાજને બેંગલોરમાં શરણાગતિ સ્વીકારી લીધી હતી. બેંગલોર સેન્ટ્રલ જેલમાં ત્યારબાદ શશીકલા નટરાજનને લઈ જવામાં આવ્યા હતા. મળેલી માહિતી મુજબ શશીકલા નટરાજન આજે ચેન્નાઈથી બેંગલોર પહોંચ્યા હતા અને શરણાગતિ સ્વીકારી હતી. ત્યારબાદ કોર્ટે શશીકલાને બેંગલોર સેન્ટ્રલ જેલમાં મોકલી દીધા હતા. આ અગાઉ શશીકલા આજે ચેન્નાઈ સ્થિત પોતાના આવાસ પોશ ગાર્ડનથી બેંગલોર માટે રવાના થાય હતા. બેંગલોર રવાના થતા પહેલા શશીકલા મરીનાબીચ ઉપર જયા મેમોરીયલ ખાતે પહોંચ્યા હતા અને જયલલિતાની સમાધિ પર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રદ્ધાંજલિ આપતી વેળા ફુલ અર્પણ કર્યા હતા. શપથ પણ લીધા હતા. શશીકલા એમજીઆરના મોમેરિયલ ઉપર પણ પહોંચ્યા હતા. બીજી બાજુ સુપ્રિમ કોર્ટે આજે શરણાગતિ સ્વીકારી લેવા માટે શશીકલાને વધુ કોઈ મહેતલ આપવાનો ઈનકાર કરી દીધો હતો. બીજી બાજુ સુપ્રિમ કોર્ટે આવકના

● અનુસંધાન પાન-૭ પર

## શશીકલા-પલનીસામી પર બાનમાં પકડી રાખવાનો કેસ

### ધારાસભ્યોને બળજબરીપૂર્વક રાખવામાં આવ્યા હતા : એક ધારાસભ્ય દ્વારા ફરિયાદ કરવામાં આવ્યા બાદ અંતે કેસ દાખલ : શશીકલાની તકલીફમાં વધારો

ચેન્નાઈ,તા. ૧૫

શશીકલા અને પલનીસામી સહિત ચાર લોકોની સામે અપહરણનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. ધારાસભ્યોને બાનમાં રાખવાના આરોપસર તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. અન્નાદ્રમુકના મહાસચિવ શશીકલા અને વિધાનસભા પક્ષના નવનિયુક્ત નેતા કે.પલનીસ્વામી પર પાર્ટીના ધારાસભ્યોના અપહરણ કરીને તેમને રિસોર્ટમાં ગેરકાયદે રીતે બાનમાં રાખવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કૂવાથુર પોલીસ દ્વારા આ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસે આ પગલાં મદુરાઈ દક્ષિણથી ધારાસભ્ય સરવનની ફરિયાદ બાદ લેવામાં આવ્યા છે. સોમવારના દિવસે ગોલ્ડન ડે રિસોર્ટથી વેશ બદલીને બહાર નીકળેલા સરવને ડીજીપીની પાસે જઈને શશીકલા અને પલનીસામીની સામે ફરિયાદ કરી હતી. પન્નીરસેલ્વમની છાવણીથી જોડાયેલા સરવને પોતાની ફરિયાદમાં કહ્યું હતું કે આઠમી ફેબ્રુઆરીથી આ ધારાસભ્યને રિસોર્ટમાં ધાક ધમકી આપીને રાખવામાં આવ્યા હતા. કાંચીપૂરમના પોલીસ અધિકારીએ આજે સવારે રિસોર્ટમાં જઈને ધારાસભ્યોની પૂછપરછ કરી હતી.

# બ્રહ્મોસની રેન્જ વધારીને ૪૫૦ કિમી કરવા તૈયારી

## અગ્નિ-૫ મિસાઈલની રેન્જમાં વધારો નહીં કરાય : અગ્નિ-૫ મિસાઈલ ચીનના ઘણા ભાગ સુધી ત્રાટકવામાં સક્ષમ છે : બ્રહ્મોસ હાલ ૨૯૦ કિ.મી. સુધી ત્રાટકી શકે

બેંગલોર,તા. ૧૫

ભારત સુપર સોનિક બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલની રેન્જ વર્તમાન ૨૯૦ કિલોમીટરથી વધારીને ૪૫૦ કિલોમીટરની કરવાની તૈયારીમાં છે. ૧૦મી માર્ચના દિવસે ટેસ્ટ કરવામાં આવે તેવો દાવો કરવામાં આવ્યો છે. ડીઆરડીઓના વડા એસ.ક્રિસ્ટોફરે માહિતી આપતા કહ્યું છે કે ડીઆરડીઓના વડાએ અગ્નિ મિસાઈલની રેન્જમાં કોઈ વધારો કરવાની યોજના હોવાના ઈનકાર કર્યો છે. અગ્નિ મિસાઈલની રેન્જ પાંચ હજાર કિલોમીટરથી વધુની છે. જૂન ૨૦૧૬માં મિસાઈલ ટેકનોલોજી કન્ટ્રોલરીજીમ (એમટીસીઆર)ના સભ્ય તરીકે ભારત બન્યા બાદ આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. મિસાઈલ અને અન્ય હથિયારોના ફેલાવાને રોકવા માટે સ્વૈચ્છિક સભ્યપદ દેશોમાં એમટીસીઆરને ગણવામાં આવે છે. આમાં સભ્ય દેશોને ક્લબની બહારના દેશોને ટેકનોલોજી આપવાથી રોકવામાં પણ આવે છે. બ્રહ્મોસ મિસાઈલની રેન્જ હાલમાં ૨૯૦ કિલોમીટરની છે.




● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં હવે પ્રતિ કલાક ૨૦૦ કીમીની ઝડપથી ટ્રેનો દોડશે

## યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે : રેલવે દ્વારા જર્મનીમાં બનેલા ૧૯ એન્જિન આયાત કરશે

નવી દિલ્હી,તા. ૧૫

રેલવે દ્વારા પ્રતિ કલાક ૨૦૦ કિલોમીટરની ગતિથી ટ્રેન દોડાવવા માટે તૈયાર થઇે. આના માટે યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. દેશમાં ટુંક સમયમાં જ પ્રતિ કલાક ૨૦૦ કિલોમીટરની ઝડપથી ટ્રેન દોડશે. ૨૦૦ કિલોમીટરની સ્પીડવાળા એન્જિનના ટ્રાયલની પ્રક્રિયા ચાલી રહી છે. રેલવે દ્વારા જર્મનીમાં બનેલા આવા ૧૯ એન્જિનની આયાત કરવાની પણ યોજના ધરાવે છે. જ્યારે આ જ ટેકનિકથી મધેપુરામાં એન્જિન ફેક્ટરીમાં ૧૦૦૦ એન્જિનનુ નિર્માણ કરવામાં આવનાર છે. રેલવેના ટોપના અધિકારીઓ કહી

● અનુસંધાન પાન-૭ પર

GPSC 1/2 પ્રિલિમની બેચ શરૂ
બેચનો સમય : સવારે ૭.૩૦થી ૯.૩૦
વર્ગ-૩ની જનરલ બેચ શરૂ
બેચનો સમય : સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦
ૐ ક્લાસીસ 2001થી આપની સેવામાં
દિલીપ પટેલ
નીતા પટેલ
ખ-૦ સર્કલ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર
704343 1111, 97121 43102
ઑફિસ સમય : 10 થી 4, રવિવારે રજા

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય